ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 14th November, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................................., ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની ૨૫ મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં રાજ્ય કક્ષાની બાળ વિજ્ઞાન પરિષદ માટે ૧ દિવ્યાંગ બાળ વૈજ્ઞાનિક સાથે ૧૧ બાળ વૈજ્ઞાનિકોની પસંદગી.**

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય તરફ પોતાનો દ્રષ્ટિકોણ કેળવે તેવા આશયથી છેલ્લા ૨૪ વર્ષથી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC દ્વારા **રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ**નું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ માટે મુખ્ય વિષય 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' છે. ગુજરાત રાજ્યમાં આ પ્રવૃતિનું સંચાલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ભાવનગર જીલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ -૨૦૧૭ નું આયોજન તા. ૧૧ નવેમ્બર ૨૦૧૭ ના રોજ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ શિહોર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં ડૉ. હરિઓમ ગુપ્તા (વૈજ્ઞાનિક, CSMCRI), ડૉ. હિતેશભાઈ શાહ (એસોસિયેટ પ્રોફેસર, સર પી.પી. સાયન્સ કોલેજ, ભાવનગર),શ્રી મનહરસિંહ ગોહિલ, શ્રી પ્રતિપાલસિંહ ડૉ. પરેશ પોરિયા (ડીપાર્ટમેન્ટ ઓફ મરીન સાયન્સ), ડૉ. નીરજ રાજ્યગુરૂ (આચાર્યશ્રી, કોબડી પ્રાથમિક શાળા), શ્રી પરેશભાઈ ત્રિવેદી( પ્રમુખશ્રી, કલ્યાણ ફાઉન્ડેશન, આચાર્યશ્રી બી,એમ કોમર્સ હાઇસ્કુલ), શ્રી ભાવેશભાઈ વ્યાસ (એકેડેમિક કોર્ડીનેટર, એનસી એસસી), ડૉ. ભાવેશ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, જીલ્લા કોર્ડીનેટર, કોર્ડીનેટર, NCSC-2017), શ્રી ઓમ મોનપરા (બાળ વૈજ્ઞાનિક- NCSC-2014), શ્રી જેન્સી મોનપરા (બાળ વૈજ્ઞાનિક NCSC-2015), તેમાં જ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢના ટ્રસ્ટીશ્રીઓ અને હોદેદારો હાજર રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા.

આ સંશોધનાત્મક સ્પર્ધામાં સીદાતર નાઝ, ભોગેસરા મનીષા, પઠાણ સાનિયા, ગોરસિયા બંસી, ગાલા સાગર, દવે આર્યન, ગીલાતર હેતલ, સુથાર મહેન્દ્ર, ગાલા દર્શીલ, દોશી કેનીલ અને દિવ્યાંગ બાળકોમાં ફોરમ જોષીના સંશોધન પસંદગી પામ્યા હતા. જેઓને સ્મૃતિ ચિહ્ન અને ગોલ્ડ મેડલથી નવાજિત કરવામાં આવેલ.

રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદના જીલ્લા કક્ષાના અધિવેશનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા કુલ ૩૯ લઘુ સંશોધનો રજુ કરવામાં આવેલ. જે પૈકીના પસંદગી પામેલ સંશોધનો આગામી તા. ૨૪ અને ૨૫ મી નવેમ્બર, ૨૦૧૭ દરમ્યાન અમદાવાદ ખાતે ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

સમગ્ર કાર્યક્રમાં મહેમાનો, નિર્ણાયકો, બાળ વૈજ્ઞાનિકો અને શિક્ષકો કુલ ૧૦૦ લોકો જોડાયા હતા. ભાગ લેનારા તમામ બાળ વૈજ્ઞાનિક અને તેમના માર્ગદર્શક શિક્ષક શ્રીઓને પ્રમાણપત્ર અપને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

14-11-17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.